Accredited Grade "A" by NAAC(3rd Cycle)

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

જોડાણ વિભાગ ,યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫

ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧ એક્સટે. નં. ૨૧૪ ફેક્સ નં. : (૦૨૮૧) ૨૫૭૬૩૪૭

ઈ-મેઈલ : affiliation@sauuni.ac.in

નં.જોડાણ/૫/ ૮ / 930 /૨૦૨૦ તા.10- ૯ -૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી/સંચાલકશ્રી,
સદભાવના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ,
શ્રીમતી આર.ડી.ગારડી કોલેજ ઓફ એજ્યુકેશન,
મોટેલ ધ વિલેજની સામે, કાલાવાડ રોડ,
મુ.હરિપર(પાળ), તા. લોધિકા, રાજકોટ

**વિષય :-** કોલેજના વર્ષ ૨૦૨૦-૨૧ ના ચાલુ જોડાણ અંગેની કાર્યવાહી બાબત.

શ્રીમાન,

આપની કોલેજના જોડાણ અંગે યુનિવર્સિટીના સક્ષમ સતા મંડળો દ્વારા થયેલ કાર્યવાહીને આધિન સાધનિક રેકર્ડ રાજ્ય સરકારશ્રીને મોકલવામાં આવેલ છે, જેની નકલ આ સાથે સામેલ છે.

આપની કોલેજના જોડાણ માટે જે શરતો સિન્ડીકેટ દ્વારા મૂકવામાં આવેલ છે તે તમામ શરતોનું યથાર્થ પરિપાલન થવું આવશ્યક છે. ઉપરાંત આ સાથે મોકલવામાં આવેલ સ્થાનિક તપાસ સમિતિના અહેવાલમાં પણ કોઈ નોંધ કે સુચનો કે શરતો મૂકવામાં આવેલ હોય અગર કોઈ ઉણપો દર્શાવવામાં આવી હોય તો તે અંગે પણ તાકીદે ઘટતી કાર્યવાહી થવી આવશ્યક છે.

જોડાણ માટેની શરતોનું યથાર્થ પરિપાલન થાય છે કે કેમ તે જોવા તુરતમાં જ યુનિવર્સિટી તરફથી જો સમિતિની નિમણુંક થાય અને તે આપની સંસ્થાની મુલાકાતે આવે તો તે વખતે ખાસ કરીને નીચેની બાબતોની ખાત્રી કરાવવાની રહેશે.

(૧) યુનિવર્સિટીએ નક્કી કરેલા લાયકાતના ધોરણો, નિયત કાર્યવાહી પ્રમાણે આવશ્યક સ્ટાફની કોલેજમાં નિમણુંક કરવાની રહેશે અને નિમણુંક પામેલા શિક્ષકોને સમિતિ સમક્ષ રજૂ કરવાના રહેશે.

(૨) સંસ્થા માટે યોગ્ય સાધન સુવિધા, વિસ્તાર ધરાવતું સંસ્થાનું પોતાનું મકાન અથવા ભાડાના મકાન બાબતે સ્થળ પર રેકર્ડ સાથે ખાત્રી કરાવવાની રહેશે, સમિતિ તરફથી મકાન બાબતે જે કંઈ સૂચવવામાં આવે તે મુજબ મકાનમાં યોગ્ય સુધારા વધારા કરાવવાના રહેશે.

(૩) છાત્રાલય (એ અંગે શરત હોય તો ) માટેના મકાન તથા અન્ય સાધન સગવડની સ્થળ પર ખરાઈ કરાવવાની રહેશે.

(૪) સંસ્થાને માટે જોઈતા સાધનો, પુસ્તકો, માળખાકીય સુવિધાઓ વગેરેની રેકર્ડ આધારિત સ્થળ પર ખરાઈ કરાવવાની રહેશે.

(૫) શિક્ષકો, બિન શૈક્ષણિક સ્ટાફના પગાર, સાધન સગવડ, પુસ્તકો વગેરેના ખર્ચ કરવાની સધ્ધરતા બાબતે ઓડીટ રીપોર્ટસ સહીત ખાત્રી કરાવવાની રહેશે.

નમુના – "બ" ની સ્પષ્ટ વિગતો સાથે ભરી તેની સાથે એલ.આઈ.સી. અહેવાલ, એસી/સિન્ડીકેટ ઠરાવ, અગાઉ બહાર પડેલ જોડાણ જાહેરનામાની નકલ, કોલેજમાં ચાલતા અભ્યાસક્રમોના ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વિગતો તથા શરતોના પરિપાલન અંગેનો અહેવાલ **સત્વરે** યુનિવર્સિટી કાર્યાલયને અચૂક મોકલી આપવા જણાવવામાં આવે છે. શરતોના પરિપાલન અંગેના અહેવાલના અભાવે રાજ્ય સરકારશ્રીને જાહેરનામું પ્રસિદ્ધ કરવાની ભલામણ યુનિવર્સિટી દ્વારા થઇ શકશે નહિ, શરતોના પરિપાલન અંગેના અહેવાલની એક નકલ રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઉપસચિવશ્રીને બારોબાર તેમની જાણ માટે મોકલવાની રહેશે.

આપનો વિશ્વાસુ

કુલસચિવ

નકલ રવાના :-

૧) ઉપસચિવશ્રી,
શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, બ્લોક નં – ૫,૭ મો માળ , સરદાર ભવન , નવા સચિવાલય, ગાંધીનગર

૨) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૨, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

જોડાણ વિભાગ ,યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫

ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧ એક્સટે. નં. ૨૧૪ ફેક્સ નં. : (૦૨૮૧) ૨૫૭૬૩૪૭

ઈ-મેઈલ : affiliation@sauuni.ac.in

Accredited Grade "A" by NAAC(3rd Cycle)


નં. જોડાણ/૫/ ૮ / ૧૨૮ /૨૦૨૦

તા.૧૦-૯-૨૦૨૦

પ્રતિ,

ઉપસચિવશ્રી,

શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય,

બ્લોક નં. ૫, ૭ માં માળે, સચિવાલય,

નવા સચિવાલય,

ગાંધીનગર – ૩૮૨ ૦૧૦

વિષય -: સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સદભાવના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત , શ્રીમતી આર.ડી.ગારડી કોલેજ ઓફ એજ્યુકેશન , હરીપર (પાળ) ના વર્ષ ૨૦૨૦-૨૧ના ચાલુ જોડાણ બાબત.

સાહેબશ્રી ,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમની કલમ-૩૪(૪) અનુસાર આ યુનિવર્સિટીના વિસ્તારમાં આવેલી ઉપર્યુક્ત સંલગ્ન કોલેજે ચાલુ જોડાણ માટે અરજી કરી હતી અને તેના પર જરૂરી તપાસ કરી સ્થાનિક તપાસ સમિતિ દ્વારા આપવામાં આવેલ અહેવાલ અન્વયે એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડીકેટે જરૂરી વિચારણા કરી હતી, તે કાર્યવાહી સંબંધમાં સદરહુ કોલેજની સંપૂર્ણ વિગતો તથા જરૂરી આધારો આ સાથે પત્રક – અ મુજબ મોકલવામાં આવે છે તો તે ધ્યાને લઇ સદર કોલેજને પત્રક-અ મુજબ જોડાણ આપવા અંગે સિન્ડીકેટ દ્વારા ભલામણ કરવામાં આવેલ છે.

સદભાવના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત , શ્રીમતી આર.ડી.ગારડી કોલેજ ઓફ એજ્યુકેશન , હરીપર (પાળ) ને સત્વરે શરત પરિપાલન અહેવાલ મોકલવા જાણ કરવામાં આવેલ છે. જે મળ્યા બાદ યુનિવર્સિટીને શરત પરિપાલન થયાની ખાત્રી થયે જોડાણ અંગેના જાહેરનામાં બહાર પાડવા ભલામણ કરવામાં આવશે. જે વિદિત થાય.

આપનો વિશ્વાસુ

કુલસચિવ

બિડાણ :-

૧) પત્રક – અ

૨) જોડાણ અરજી

૩) સ્થાનિક તપાસ સમિતિનો રીપોર્ટ

૪) એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

૫) સિન્ડીકેટનો ઠરાવ

**નકલ રવાના :- (જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે )**

૧) ઊચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી,
ઊચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી ની કચેરી, બ્લોક નં – ૧૨,
ડૉ. જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર – ૩૮૨ ૦૧૦

૨) ઉક્ત કોલેજ ના આચાર્યશ્રી તરફ